# જાહેરનામુ

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ ૨૦૭ /૨૦૦૭.તા ૨૯ /૫/૨૦૦૭.

વંચાણે લીધા :- ૧)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૨/૨૦૦૩ તા.૧૮.૧૨.૨૦૦૩.

૨)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૫/૨૦૦૪ તા.૨૫.૨.૨૦૦૪.

૩)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૯/૨૦૦૪ તા.૫.૩.૨૦૦૪.

૪)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૩/૨૦૦૪ તા.૨૧.૬.૨૦૦૪.

૫)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૬/૨૦૦૪ તા.૯.૮.૨૦૦૪.

૬)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૫૬/૨૦૦૪ તા.૧.૧૧.૨૦૦૪.

૭)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૫૭/૨૦૦૪ તા.૧૬.૧૧.૨૦૦૪.

ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ શહેરમાં વધતાં જતાં પ્રદુષણને અટકાવવા તેમજ થતાં અકસ્માતોને નિયંત્રીત કરવા સુપ્રિમકોર્ટ ને આપેલ બાહેંધરીના અનુસંધાને લેવાયેલ પગલાં પૈકી ભારેવાહનોને અમદાવાદ શહેરમાં પ્રવેશ કરવાના પ્રતિબંધ અંગે સંદર્ભ.૬ માં દર્શાવેલ જાહેરનામાંના અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો (મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નક્કી કરેલ વાહનો) ને સવારે કલાક.૯/૦૦ થી રાતના કલાક.૨૧/૦૦ સુધી અવર જવર કરી શકશે નહીં તદ્ઉપરાંત સુભાષબ્રીજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઇન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણા, વિશાલા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો સવારના કલાક.૭.૦૦ થી રાત્રીના કલાક.૨૨.૦૦ સુધી અવર જવર પર પ્રતિબંધ ફરમાવેલ છે, પરંતુ આ ભારે અને મધ્યમ વાહનો ને કુલ સાત માર્ગો ઉપર ૨૪ કલાક માટે અને અન્ય રુટો ઉપર સમયમર્યાદામાં અવર જવર કરવાની છુટછાટ આપવામાં આવેલ છે.હાલમાં કાંકરીયા ડેવલોપમેન્ટ પ્રોજેક્ટની કામગીરી ચાલતી હોવાથી ટ્રાફિક પ્રવાહને ઘણી અડચણો ઉભી થતી હોય ટ્રાફિક નિયમન સરળ બનાવવા અને લોકોને થતી હેરાનગતી ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરું છું

**હુ ક મ :-**

હું જે.મહાપાત્ર પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર નાઓને મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) કલમ (૩૩)(બી) આધારે મળેલ સત્તાની રુએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમતના વિસ્તારમાં તા:૧.૧૧.૦૪ ના રોજ બહાર પાડેલ જાહેરનામામાં આપેલ છુટછાટ પૈકી નીચે જણાવેલ રુટો ઉપર તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો આવનજાવન કરી શકશે નહીં.

નારોલ સર્કલથી ચંડોળા, શાહઆલમ ટોલનાકા, પુષ્પકુંજ સર્કલ, કાંકરીયા ચોકી, કાંકરીયા રેલ્વે યાર્ડ.

જવા આવવા માટે નીચે મુજબના રુટનો ઉપયોગ કરી શકશે.

સી.ટી.એમ., હાટકેશ્વર સર્કલ, અનુપમ સિનેમા, ખોખરા બ્રીજ, કાંકરીયા રેલ્વે યાર્ડ સુધી

આ સિવાયની શરતોમાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી

આ જાહેરનામાના આદેશનું ઉલ્લંઘન કરનાર ઇસમ મુંબઇ પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ (બી)(૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા.૧૯.૦૫.૦૭ થી તા.૩૧.૧૨.૦૭ સુધી કરવાનો રહેશે.

આજરોજ તા.૧૯/૦૫/૨૦૦૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૯/૦૫/૨૦૦૭
અમદાવાદ શહેર

(જે. મહાપાત્ર)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સ.રવાના :-

૧. મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેક્ટરશ્રી, જીલ્લા કલેક્ટરની કચેરી, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )
   રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
   રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. ( ૫ નકલ )
   ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર
૭. માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
   ૨/- જાણ સારૂ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :

૮. અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર.૧ અને ૨, મુખ્ય મથક, વિ.શાખા, વહિવટ, અ'વાદ શહેર.
૯. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૧૦. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર
૧૧. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.
   ૨/- જાણ સારૂં દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૨. તમામ પો.ઇન્સ.શ્રી ____________ અમદાવાદ શહેર
   ૨/- જાણ સારૂં તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂં
૧૩. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
   ૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂં.